## ડાયરેક્ટ ❤ સે

ખોટું સાંભળવાની
મજા તો ત્યારે આવે
જ્યારે તમે
સત્ય
પહેલેથી જ
જાણતા હોવ

### જન્મદિને વધામણી



વલ્લભભાઈ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૭૬૦૦૦ ૫૬૨૦૦



જૈનિલ મનીષ ખત્રી
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે વિષ્ણુભાઈ પંડ્યા અને જ્યોતિબેન થાનકીનાં વક્તવ્યો યોજાયાં



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ખાતેની ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં રાષ્ટ્રની આઝાદી માટેના ભારત છોડો આંદોલનની ૭૫ વર્ષની ઉજવણી પ્રસંગે નૂતન ભારત માટેનો શપથ સમારોહ તથા તજજ્ઞોનાં વક્તવ્યોનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શહેરની વિવિધ કૉલેજીસના ૨૨ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે એસ લિખિયા, કુલસચિવ કમલામની રાવ, મહાનિયામક દિવ્યાંશુ દવે તથા પદ્મશ્રી પત્રકાર, વિવેચક વિષ્ણુ પંડ્યાએ 'વંદે માતરમ અને રાષ્ટ્રીય આંદોલનો' વિષયે વિદ્યાર્થીઓને રોચક તથા માહિતીપ્રદ વક્તવ્ય આપ્યું હતું. તેમણે વક્તવ્યમાં ૧૮૫૭થી માંડીને ૧૯૪૨ સુધીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અપાયેલાં બલિદાનો સહિત ઈતિહાસની સુક્ષ્મ તથા ઓછી જાણીતી માહિતીથી વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા. આ સાથે તેમણે યુવાનોને સિદ્ધિ માટે સંઘર્ષ સમન્વય, સંવાદ અને સામંજસ્યની ચાર ચાવીનો ગુરુમંત્ર આપ્યો હતો.

આ પ્રસંગે જ્યોતિબેન થામકીએ હિન્દ છોડો ચળવળમાં મહાત્મા ગાંધીએ આપેલાં પ્રવચનોની ઝાંખી રજૂ કરી હતી. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓએ નૂતન ભારતના નિર્માણ માટે શપથ ગ્રહણ કર્યા હતા.

# ચૈતન્ય સ્કૂલ આંતરશાળા સ્પર્ધાઓમાં ઝળકી





ગાંધીનગર, તા. ૪

ચૈતન્ય સ્કૂલ દ્વારા આંતરશાળા હરિફાઈઓમાં પ્રશંસનીય દેખાવ કરવામાં આવ્યો હતો. ગત જુલાઈથી ઑગષ્ટ માસ દરમિયાન આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ચૈતન્ય સ્કૂલના વિદ્યાર્થીઓએ વિજેતા ક્રમ મેળવીને સ્કૂલને ગૌરવ અપાવ્યું હતું.

સામાન્ય જ્ઞાન પ્રશ્નાનલિમાં રુશાન માંકડ, તિનીશા પંત, તેજાંશ ગૌતમ, ઝેવિયર્સ સ્કૂલમાં આયોજિત સર્જનાત્મક કલામાં ફાતિમા સુગરા, આયુષ પટેલ, રાહુલ યાદવ, સ્વચ્છ ભારત પર પ્રસ્તુતિ : સાયન્સ અને ટૅકનોલૉજીની ભૂમિકામાં તિયા જૈન, ઉત્કર્ષ દૂબેએ પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત ગો ગ્રીન - બેસ્ટ આઉટ ઑફ વેસ્ટ સ્પર્ધામાં ખુશી જૈન, શિવાની વ્યાસ તથા ગ્રામીણ આઈટી ક્વિઝમાં ડી જેક્લીન, ઈશા ગોહિલ, કવ્વાલીમાં મુદિત, આગમ, પ્રથમ, સમક્તિ, મોક્ષ અને રિતિક જૈન જજીસ ચોઈસ એવોર્ડ તથા વાદ્ય સંગીત : તબલાં વાદનમાં ભરત જૈનને ખાસ ઈનામ પ્રાપ્ત થયું છે. બીજું ઈનામ શબ્દ પહેલીમાં જેનીલ બાવડા, દીર્ઘજ દાવડા, આયુષ પટેલ, ઝેવિયર્સ સ્કૂલમાં આયોજિત કવિ સંમેલનમાં કૌસ્તુભ ચૌરે, તિયા જૈન, સમક્તિ જૈન, મુદિત જૈન, મોક્ષ જૈન, હિલવૂડ સ્કૂલમાં આયોજિત ડિબેટમાં તેજસ ગૌતમ, વિશ્વરાજ જાડેજા, અભિનવ તેજાને પ્રાપ્ત થયું હતું. ત્રીજું ઈનામ ડિબેટમાં રુશાન માંકડ, અનંગ અજ્યાન, દિવ્યા પટેલ, દીર્ઘજ દાવડા, ઝેવિયર્સ સ્કૂલમાં આયોજિત સંગીત કાર્યક્રમમાં યશસ્વિતા માના, ધનંજય લુહાર, નિવેદિતા સિંઘ, સોલો ગાયન સ્પર્ધામાં સાગરિકાને તથા નેશનલ સાયન્સ સૅમિનાર (ગુજરાત સ્ટેટ)ની સ્વચ્છ ભારત : સાયન્સ અને ટૅકનોલૉજીની ભૂમિકામાં તિયા જૈન અને ઉત્કર્ષ દૂબેને પ્રાપ્ત થયું હતું.

# પેરા મેડિકલની ૩૩૯૪ બેઠકો : ૧૨૩૪૧ વિદ્યાર્થીઓએ ચોઈસ આપી

ગાંધીનગર, તા. ૪

પેરા મેડિકલમાં નીટ ના આધારે જે કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા થ?વાની છે તેના માટે વિદ્યાર્થીઓએ ચોઈસ ફિલિંગ કરવાનો તા. ૩ના રોજ છેલ્લો દિવસ હતો. જેમાં ૧૨૩૪૧ વિદ્યાર્થીઓએ પોતાની ચોઈસ આપી દીધી છે. આવતીકાલે આ ચોઈસના આધારે કોલેજની ફાળવણી કરી દેવામાં આવશે. આમ, હાલ ૩૩૯૪ જેટલી બેઠકો માટે ૧૨૩૪૧ વિદ્યાર્થીઓએ ચોઈસ આપી છે. ડેન્ટલની ખાલી પડનારી બેઠકો માટે તા.૭મીએ ઓફલાઈન રાઉન્ડ કરવામાં આવશે.

હાલમાં આયુર્વેદની ૧૨૦૦, હોમિયોપેથીની ૧૫૦૦, ડેન્ટલની ૬૧૪ અને નેચરોપેથીની ૮૦ મળીને અંદાજે ૩૩૯૪ જેટલી બેઠકો માટે વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે બેઠકોની ફાળવણી કરવામાં આવશે. સૂત્રો કહે છે હજુ હોમિયોપેથી કેટલીક કોલેજોની મંજુરી બાકી છે. આજ રીતે આયુર્વેદમાં પણ સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજની મંજુરી બાકી છે. હવે પછી જે કોલેજોની મંજુરી આવશે તેના માટે પેરા મેડિકલની અન્ય બેઠકોની સાથે રિશફલિંગની કાર્યવાહીમાં સામેલ કરવામાં આવશે. ડેન્ટલમાં પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ૧૦મી સપ્ટેમ્બર સુધીની મુદત આપવામાં આવી છે. નોંધનીય છે કે આ વખતે ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. તા.૧૦મી સુધીમાં ડેન્ટલની કાર્યવાહી કરવાની હોવાથી આવતીકાલે વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણીમાં ડેન્ટલની બેઠકો ખાલી પડશે તેના માટે તા.૭મીથી બે દિવસ માટે ઓફલાઈન રાઉન્ડ શરૂ કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓ ડેન્ટલની ખાલી પડેલી બેઠકો પર પ્રવેશ ઈચ્છતાં હોય તેઓએ ઓનલાઈન સંમતિ આપીને જે તે દિવસે ઓફલાઈન પ્રવેશ માટે સમિતિ ખાતે હાજર રહેવાની સૂચના આપવામાં આવી છે. તા.૧૦મી પછી એટલે કે તા.૧૧મીથી જે કોર્સમાં નીટ વગર પ્રવેશ પ્રક્રિયા થવાની છે તેના માટેની કાર્યવાહી શરૂ કરાશે.

# ગુજરાત વિદ્યાપીઠ ખાતે ગ્રામ આયોજન વિશે રાષ્ટ્રીય કાર્યશાળા યોજાઈ



ગાંધીનગર, તા. ૪

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે 'જિઓસ્પેટિકલ ટૅકનોલૉજી અને ગ્રામ આયોજન' વિષય પર આયોજિત પાંચ દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાના સમાપન સમારોહ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક પ્રૉ. અનામિકભાઈ શાહ, કુલસચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, વ્યવસ્થાપન અને વિદ્યાશાખા ડીન પ્રૉ. રાજીવ પટેલ, કમ્પ્યુટર વિભાગના અધ્યક્ષ પ્રૉ. અજય પરીખ, ઈસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક ઍસોસિએશન એસેપટેકના ગણમાન્ય વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રના સહાયક પ્રાધ્યાપક ડૉ. સતીષ પટેલ દ્વારા ગુજરાતી ભાષામાં લિખિત 'કમ્પ્યુટર' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ગુજરાતી ભાષામાં કમ્પ્યુટર જેવા ટૅકનીકલ વિષય પર હેતુલક્ષી અને નવીન વિભાવનાઓનો સમાવેશ કરતા પ્રામાણિક પુસ્તકોની ઘણી ઉણપ દેખાય છે. આ પુસ્તકમાં લેખકે કમ્પ્યુટર વિષયમાં અભ્યાસ કરતા પાયાના વિદ્યાર્થીઓ તથા ઍડવાન્સ સ્ટડી કરતા અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓની વર્તમાન અને ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ પુસ્તકની રચના કરી છે, જે સૌ માટે ખૂબ ઉપયોગી નીવડી શકે તેમ છે.

# આખરે તો એમ જ લાગ્યું કે મેરા ભારત મહાન





ગાંધીનગર, તા. ૪

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયનાં મુખ્ય સંચાલિકા રાજયોગીની કૈલાસદીદી, ચિલોડા સેવા કેન્દ્રના સંચાલિકા રાજયોગીની તારાદીદી, બી.કે. રાજુભાઈ, બી.કે. સંદિપભાઈ, રાજયોગિની રંજનદીદી વગેરે મહાનુભાવો ૨૫ દિવસના ૪ દેશો મલેશિયા, બર્મા, બેંગકોક, થાઈલેન્ડ, શિંગાપુર વગેરે વિદેશમાં જઈ સેવાકાર્ય કરવાનું બીડુ ઝડપ્યુ હતુ. આ વિદેશ સેવાયાત્રાથી પરત ફરતાં તેમનો સ્વાગત સમારોહ બ્રહ્માકુમારીઝ, ઊર્જાનગર કેન્દ્ર ખાતે યોજાયો હતો. જેમાં તેમનું ભવ્ય ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરની કલા સંસ્થાના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ક્લબનાં કલાકાર દીપલ પરમાર, હેતલ પ્રજાપતિ, હરસિદ્ધિ જાની, રિયા નિમાવત દ્વારા આ રજૂઆત કરવામાં આવી હતી.

ભાવિક ભક્તજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને રસપૂર્વક માણ્યો હતો.

તારાદીદીએ ભાવિકોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે વિદેશ ફરી આવ્યા, ત્યાં ટૅકનોલૉજીનો વિકાસ ઘણો છે. દેશો ઝડપી પ્રગતિ કરી રહ્યા છે એ ખરેખર પ્રશંસનીય બાબત છે પરંતુ આપણો દેશ એ આપણો દેશ છે. આખરે તો એમ જ લાગ્યું કે 'મેરા ભારત મહાન.'

# મુખ્યમંત્રી કરાવે છે, સાતત્યપૂર્ણ જનસુખાકારીના એક વર્ષનું વિકાસદર્શન

**॥ ત્રીજો મણકો ॥**




**દેશભરના કિસાનોની સરખામણીમાં ગુજરાતના કિસાનો આર્થિક સદ્ધર થઈ રહ્યા છે તે બાબતને જરા વિસ્તારથી સમજાવશો?**

અમારી સરકાર વિકાસની રાજનીતિને વરેલી છે. અમે ત્રિ-સ્તરીય વિકાસમાં માનીએ છીએ. ઉદ્યોગોને જેટલું પ્રોત્સાહન આપીએ છીએ તેટલું જ મહત્ત્વ અમે ખેતીને અને સેવા ક્ષેત્રને પણ આપીએ છીએ. એક તરફ વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ની અભૂતપૂર્વ સફળતાથી રાજ્યમાં રોજગાર અને સ્વરોજગારના વિપુલ માત્રામાં સ્ત્રોત ખૂલ્યા છે તો બીજી તરફ કૃષિ વિકાસ માટે ગુજરાતે અદ્વિતીય કામ કર્યું છે. ગુજરાતના ખેડૂતોના બાવડામાં આખી દુનિયાની ભૂખ ભાંગી શકે તેટલી તાકાત છે. તેમને સુવિધાની જરૂર છે, અમે તે આપી છે. જુઓ, તમને સરકારની પ્રોએક્ટિવ કામગીરીનો એક દાખલો આપું. અગાઉ પાક વીમાની રકમ મેળવવામાં ખેડૂતોને વર્ષો લાગી જતા હતા. આંદોલન કરવું પડતું હતું. અમે કેન્દ્ર સરકાર સાથે શ્રેષ્ઠ સંકલન સાધ્યું અને એના પરિણામ સ્વરૂપે ગુજરાતના ખેડૂતોને વર્ષ ૨૦૧૫ની ખરીફ સીઝનમાં થયેલા નુકસાન સામે માત્ર એક જ વર્ષમાં દાવાની રકમ મળી ગઈ. લગભગ ૬ લાખ ખેડૂતોને રૂ. ૧૭૯૫ કરોડ મળ્યા.

**કોઈપણ સરકારના કાર્યકાળને મૂલવવા માટે એક વર્ષનો સમય પર્યાપ્ત નથી છતાં આપની સરકારના આ એક વર્ષને આપ કઈ રીતે મૂલવો છો?**

લોકોની સ્વીકૃતિ એ અમારી સફળતા છે. લોકોની આકાંક્ષા અને અપેક્ષા કેટલી હદ સુધી સંતોષી એ જ સફળતાનો માપદંડ હોઈ શકે. ૩૬૫ દિવસમાં પોણા પાંચસો ઉપરાંત જનહિતલક્ષી નિર્ણયો લઈને તેના પરિણામલક્ષી અમલની જનજનને પ્રતીતિ થઈ છે. સેવાસેતુ દ્વારા ૯૮ ટકા લોકપ્રશ્નોનો અમે સ્થળ ઉપર નિકાલ કર્યો ત્યારે લોકોના મુખ ઉપર ઘરઆંગણે કામ થયાનો જે કાર્ય સંતોષ જોવા મળતો ત્યારે લાગતું કે સરકાર 'ફાસ્ટ ટ્રેક' ઉપર તો છે જ પરંતુ 'રાઈટ ટ્રેક' ઉપર પણ છે. અમારી કાર્ય સંસ્કૃતિના કેન્દ્રમાં જનહિત સમાયેલું છે. એટલે જ લોકો અમને સ્વીકારે છે. ભાગલા પાડો, રાજ કરો અને વોટબેન્કની રાજનીતિ જેવી વિધ્વંશક સ્વાર્થી વાતો કરવાને બદલે અમારી વિકાસની સ્પષ્ટ નીતિ છે. સૌનો સાથ, સૌનો વિકાસની અમારી પરિભાષા સૌ કોઈ સમજે છે. અમે ઈમાનદારીથી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને ક્ષણે ક્ષણ ગુજરાતના વિકાસને સમર્પિત કરી છે. વહીવટમાં અનિર્ણાયકતા દૂર કરીને નિર્ણાયકતા સાથે જીવ માત્રના વિકાસ માટે સંવેદનશીલતાથી સરકારે પરિણામલક્ષી કાર્યો કર્યા છે. ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસ માટે જે પાયા નાખ્યા છે તેની ઉપર ગુજરાતની વિકાસ ઈમારત બની છે.



**આ પ્રસંગે ગુજરાતી બાંધવોને આપનો શો સંદેશ છે ?**

મારે મારા ગુજરાતી ભાઈ-બહેનોનું પ્રેમપૂર્વક એક દિશામાં ધ્યાન દોરવું છે. ગુજરાત અને ગુજરાતીઓ માટે વર્તમાન સમય એક સોનેરી અવસર જેવો છે. આ અવસરની વિશેષતાને ઓળખવી જોઈએ અને તકને ઝડપવી જોઈએ. પ્રથમ તો દેશના વડાપ્રધાન ગુજરાતી છે. તેમની લોકપ્રિયતા અને વૈશ્વિક પ્રતિષ્ઠા ગુજરાત માટે ગૌરવની વાત છે તથા તેને લીધે ગુજરાત માટે સાનુકૂળ સ્થિતિનું નિર્માણ થયું છે. બીજું કે તેમણે તેમના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન વિકાસના મજબૂત પાયા નાખ્યા અને વિકાસ યાત્રાને દિશા આપી તેને આપણે મજબૂતીથી આગળ વધારી રહ્યા છીએ. અને સર્વક્ષેત્રે વિકાસના નવાં સીમાચિહ્નો સર્જી રહ્યા છીએ. હવે ગુજરાતની વિકસિત રાજ્ય તરીકેની ઓળખ મજબૂત બની છે. આમ, ગુજરાતી વડાપ્રધાન, ગુજરાતની વધતી ક્ષમતા અને પ્રતિષ્ઠા તથા ગુજરાતનો સર્વાંગી વિકાસ આ બધી બાબતોથી એક નવા વાતાવરણનું નિર્માણ થયું છે. પ્રત્યેક ગુજરાતીએ પુખ્તતા અને સમજદારી દાખવીને આ પરિસ્થિતિને એક નવતર તક તરીકે જોઈને તેને ઝડપી લેવી જોઈએ. આપણે સૌ ગુજરાતી બાંધવોએ જ્ઞાતિ-જાતિ-ધર્મ-બોલી-પ્રદેશના વાડાઓમાંથી મુક્ત બનીને સૌનો સાથ સૌનો વિકાસ મંત્રને ફળીભૂત કરવા પ્રતિબદ્ધ બનીએ તો આપણે ગુજરાતના ભવિષ્યને ઘણું ઉજ્જવળ બનાવી શકીશું.

**આપના વ્યસ્ત શિડ્યુલમાં સમય કાઢી સરકારની વિકાસ વિભાવના સ્પષ્ટ કરવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર...**

આપનો પણ આભાર... જય જય ગરવી ગુજરાત...

**રેપિડ ફાયર રાઉન્ડ**

મનગમતો રંગ : ભૂરો - આસમાની (બ્લ્યુ)
મનગમતા લેખક : વિ.સ. ખાંડેકર, મનુભાઈ પંચોળી
મનપસંદ ફળ : કેરી
મનગમતી રમત : ક્રિકેટ અને કબડ્ડી
પ્રવાસન સ્થળ : ચારધામ
ભાવતું ભોજન : પૂરણપોળી
ગાયક : હેમંતકુમાર, પંકજ મલિક
ગીત-ભજન : વૈષ્ણવજન તો તેને રે કહીએ... અને જગમેં સુંદર હે દો નામ ચાહે ક્રિશ્ન કહો યા રામ...
મનપસંદ અભિનેતા : દેવઆનંદ
જીવનનું લક્ષ : વ્યક્તિગત સુખ નહીં, સાવત્રિક કલ્યાણની પ્રવૃત્તિમાં જ જીવનની સાર્થકતાનો અનુભવ એ જ માત્ર એક લક્ષ્ય છે.

(સાભાર : 'ગુજરાત' પાક્ષિકના અંક નં. ૧૬માં પ્રસિદ્ધ થયેલ મુલાકાતના અંશો)




(૧) ૨૦૧૭માં નવા રેલમંત્રી તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) સુરેશ પ્રભુગ,સ
(બી) પિયુષ ગોયલ
(સી) મેનકા ગાંધી
(ડી) પશુપતિ રાજુ

(૨) ૨૦૧૭માં દેશના રક્ષા મંત્રી કોણ બન્યા છે ?
(એ) મનોહર પારિકર (બી) વિજય ગોયલ
(સી) રાજનાથ સિંહ (ડી) નિર્મળા સીતારમન

(૩) નિર્મળા સીતારમન દેશના કેટલામા રક્ષામંત્રી બન્યાં છે ?
(એ) પ્રથમ (બી) દ્વિતિય
(સી) તૃતિય (ડી) ચતુર્થ

(૪) ૨૦૧૭માં કેન્દ્રીય મંત્રીમંડળના વિસ્તરણમાં કુલ કેટલા નવા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(એ) ૧૦ (બી) ૧૧
(સી) ૧૨ (ડી) ૧૩

(૫) ૨૦૧૭માં ભારતમાં અમેરિકાના નવા રાજદૂત તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) કેનિથ જસ્ટર (બી) કેથલિન જોન
(સી) કેવી જ્હોન (ડી) કેનીક વિનશ

(૬) ૨૦૧૭માં ભારતીય હોકી ટીમના રાષ્ટ્રીય કોચ પદેથી કોની હકાલપટ્ટી કરવામાં આવી છે ?
(એ) રોલંટ ઓલ્ટનમૈન્સ (બી) રોબિન ઓલિન
(સી) રોજન આઈમેન (ડી) રવિકોન જોનાથન

(૭) ૨૦૧૭માં કયા રાજ્યની સરકારે બે લાખ શિક્ષિત રોજગાર યુવાનોને સક્ષમ યોજના અંતર્ગત રોજગાર આપવાનો નિર્ણય કર્યો છે ?
(એ) તામિલનાડુ (બી) કેરલ
(સી) હરિયાણા (ડી) દિલ્હી

(૮) ૨૦૧૭માં સપ્ટેમ્બર માસ દરમિયાન રામનાથ કોવિંદે કયા રાજ્યની મુલાકાત લીધી હતી ?
(એ) ગુજરાત (બી) રાજસ્થાન
(સી) પંજાબ (ડી) બિહાર

(૯) ૨૦૧૭માં ભારતે શ્રીલંકા સામેની વન ડે સિરીઝ કેટલા પોઈન્ટથી જીતી લીધી છે ?
(એ) ૫-૩ (બી) ૫-૪
(સી) ૫-૦ (ડી) ૫-૧

(૧૦) ૨૦૧૭માં નવા મંત્રીમંડળની રચના થતાં રાજ્યવર્ધનસિંહ રાઠોડને કયું ખાતું આપવામાં આવ્યું છે ?
(એ) ખેલ (બી) વિજ્ઞાન
(સી) પ્રવાસન (ડી) આરોગ્ય